# જાહેરનામુ

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩)૧૯૭૪ના નં.૨ (ની કલમ-૧૪૪ અન્વયે થયેલ હુકમ

## ક્રમાંક : વિ.શા/.જાહેરનામુ/એ-સેકશન/પરમીટ/૨૯/૨૦૧૫

**હુકમ :**

ગુજરાત સરકાર ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક વિ/૧/કઅવ/૧૦૨૦૧૩/૧૯૧૫૪/સચિવાલય ગાંધીનગર તા.૮/૧૦/૧૩ નાઓના રાજ્યમાં શોપીગમોલની સુરક્ષા બાબતેનાં આદેશ અન્વયે .

તાજેતરમાં કેન્યા ખાતે મોલ ઉપર થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુવારી થયેલ .જેમાં ગુજરાત સહિત દેશનાં ઘણા નાગરિકોના અકાળે મૃત્યુ થયેલ. જેથી અમદાવાદ શહેરમાં આવેલ શોપીંગમોલની પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવા તથા સુરક્ષા સુદ્રઢ રીતે જળવાઇ રહે તે હેતુથી પગલાં લેવા જરૂરી છે . જેથી તકેદારી માટેનાં પગલાં લેવડાવવા સારૂ નીચે મુજબ હુકમ કરૂ છું.

હું શિવાનંદ ઝા. પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ (સીઆરપીસી/૧૯૭૩) ૧૯૭૪ નં-૨ ની કલમ- ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ શોપીંગમોલની સુરક્ષા અંગે ચુસ્તપણે અમલ કરવો .

(૧) દરેક મોલમાં એન્ટ્રીગેટ આગળ મોલનાં Exit ગેટ તથા મોલની પાછળનાં વિસ્તારમાં થતી તમામ હિલચાલનું વિડીયો-ઓડીયો રેકોર્ડીંગ થાય તે રીતે સીસીટીવી કેમેરા લગાડવા. જેમાં color - Image, I.P. Base, 1.3 Mega Pixel With Night vision, Capability Data Storage-15 Days min. જેથી મોલની સુરક્ષા યોગ્ય રીતે જળવાઇ રહે .

(૨) મોલની અંદર દાખલ થતાં વાહનો (મોટરકાર/ટુવ્હીલર વિગેરે) નું ચેકિંગ કરવામાં આવે છે. તેની સાથે સાથે. વાહનોની અંદર બેઠેલ તમામ વ્યક્તિઓનું પણ ચેકિંગ કરવુ જરૂરી છે .

(૩) જ્યારે જ્યારે મોલની માલીકિ બદલાય ત્યારે નવા ઓનર્સ દ્વારા સુરક્ષા અંગેની જણાવેલ તમામ જરુરી ચેકિંગ યોગ્ય રીતે થાય તે મુજબ નવા માલીકે પણ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ મોલની માલીકિ ફેરબદલી અંગેની જાણ અત્રે પોલીસ કમિશ્નર કચેરીની સ્પેશ્યીયલ બ્રાંન્ચ ખાતે કરવાની રહેશે .

(૪) મોલમાં આવતાં તમામ માલ-સામાન ( goods) નું ચેકિંગ કરવું. જેથી મોલમાં કોઇ પ્રતિબંધીત અથવા સ્ફોટક પદાર્થો આવી ન જાય તે રીતે ચકાસણી કરવી, તેમજ સલામતી માટે જરૂરી તમામ સિક્યુરીટી માટે તાલીમ બધ્ધ અને સિક્યુરીટીનાં નિયમોના માહીતગાર હોય તેવાં માણસોથી રાઉન્ડ ધી ક્લોક સલામતીની વ્યવસ્થા મોલ માલીકે પોતાનાં ખર્ચે કરવાની રહેશે .

(૫) મોલમાં Explosive જેવા કાયદાથી પ્રતિબંધીત પદાર્થ ન આવે તે અંગેની ચકાસણી માટે સલામતી સાથે સાથે સ્નીફર ડોગથી પણ ચકાસણી થાય તેવી સલામતી ગોઠવવાની રહેશે.

**આ હુકમ તા.૨૬.૦૪.૨૦૧૫ થી તા.૨૪.૦૬.૨૦૧૫ સુધી અમલમાં રહેશે .**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે .તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂં છુ આ હુકમની જાહેર જનતાની જાણસારૂ સ્થાનિક વર્તમાનપત્રો ,આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ આ હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે .

આજ તા.૨૩ એપ્રિલ-૨૦૧૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે .

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.

(૫) પોલીસ કમિશ્નરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર- ૧ – ૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીક શાખા, અમદાવાદ

(૧૭) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર

(૧૮) નાયબ પોલીસ કમિશ્નરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારૂં.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.ક્મિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.

(૨૫) પો.ઇન્સ શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.